Regd. No. GNR/65-G0

છ મહિનામાં ૩૦,૬૯૪ વાહન ચાલકોના ઘરે ઈ-મેમો પહોંચ્યા

ગાંધીનગર સમાચાર

# સેક્ટર-૪માંથી ડેન્ગ્યુના મચ્છરોના પોરા મળ્યા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરના સે. ૪માં આજે મેલેરિયા ટીમે કરેલા સર્વેલન્સ દરમ્યાન ૧૨ સ્થાનોએથી ડેન્ગ્યુ ફેલાવતા મચ્છરોના પોરા મળી આવ્યા હતા. તંત્રએ તાત્કાલિક પોરાનાશક કામગીરી કરી હતી.

મળતી વિગતો પ્રમાણે તંત્રએ આજે ૧૨૦૦થી વધુ મકાનોને સર્વેલન્સમાં આવરી લઈ બે હજારથી વધુ પાત્રોની ચકાસણી કરી હતી.

શહેરના વિવિધ વિસ્તારોમાંથી એડીસ મચ્છરોના પોરા મળી રહ્યા છે તેથી તંત્રએ હવે સર્વેલન્સને મિશન મોડ પર લેવાનો નિર્ણય કર્યો હોવાનું જાણવા મળેલ છે. શહેરમાંથી ૧૬૦થી વધુ સ્થાનોએથી ડેન્ગ્યુના મચ્છરોના પોરા શોધી કાઢ્યા છે.

# ગાંધીનગર-સરખેજ રૂટની બસ કારગીલ સ્ટોપ પાસે ઉભી રહેતી નથી

## મુસાફરોનો આક્રોશ ડ્રાઈવર કંડકટર પણ દાદાગીરી કરે છે ગોતાથી અવર જવર કરતા અપડાઉનકર્તાઓ પણ પરેશાન

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગર સરખેજ રૂટની બસો નિયત સ્ટોપ પર ઉભી ન રેહતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. એકબાજુ સરખેજ રૂટની બસોમાં ટ્રાફિક વધારે રહેતો હોવાથી ડેપો તંત્ર દ્વારા આ રૂટની બસો વધારી દેવામાં આવી છે. આવા સંજોગોમાં સ્ટોપ પર બસ ઉભી ન રહેતી હોવાની ફરિયાદોથી અપડાઉનકર્તાઓ ત્રાહીમામ પોકારી ગયા છે. સોલા ભાગવત વિદ્યાપીઠ પાસે કારગીલ સ્ટોપ પર સરખેજ જતી બસ સ્ટોપ ન થતા મુસાફરોએ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.

એસ ટી ડેપો દ્વારા મુસાફરોને નિયમિત અને સમયસર બસ સેવા ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હોવાનો દાવો કરવામાં આવે છે. પરંતુ કેટલાક ઠેકાણે નિયત સ્ટોપ પર બસ ઉભી ન રહેતા આમ નાગરિકોએ બસ સેવા માટે લાંબા સમય સુધી રસ્તા પર વલખા મારવા પડે છે. સરખેજ રૂટની બસમાં ટ્રાફિક વધુ રહેતો હોવાથી ડેપો તંત્ર દ્વારા વધારાની બસો પણ દોડાવવામાં આવી રહી છે. આમછતા મુસાફરોની દુવિધાઓનો અંત આવતો નથી. છેલ્લા કેટલાક સમયથી સરખેજ રૂટની બસો નિયત સ્ટોપ પર ઉભી ન રહેતા અપડાઉનકર્તાઓ માટે સમસ્યા સર્જાઈ છે. જેમાં ખાસ કરીને સોલા ભાગવત પાસે કારગીલ સ્ટોપ ગોતા પાસે સરખેજ રૂટની રાત્રિના ૮ કલાકની બસ સ્ટોપ કરતી ન હોવાથી મુસાફરોએ બસ સેવા માટે ફાંફા મારવાનો વારો આવે છે. આ રૂટની બસના ડ્રાઈવર કંડકટરો પણ દાદાગીરી કરતા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. તેમની મનમાનીના લીધે મુસાફરો બસ સેવાથી વંચિત રહી જતા હોવાનો આક્રોશ પણ ઉદભવ્યો છે.



વડ સાવિત્રી - ભારતીય સંસ્કૃતિમાં વૃક્ષોના પૂજનનું અનોખુ ઉદાહરણ એટલે વડ સાવિત્રીનું વ્રત... આવતીકાલે વડ સાવિત્રીના વ્રતના પૂજન માટેની છાબડીઓ બજારમાં છલકાઈ છે... ભારતીય નારી વડના પૂજન દ્વારા પતિના દિર્ઘાઆયુષ્ય અને સુખની પ્રાર્થના કરે છે...

# જિલ્લાના ૮ ગામો સ્માર્ટ વિલેજ યોજના અંતર્ગત દરખાસ્ત માટે પસંદ કરાયા

## દરેક તાલુકામાંથી એક ગામની સ્માર્ટ વિલેજ તરીકેની પસંદગી રાજ્યકક્ષાએથી કરવામાં આવશે પસંદ થનાર ગામને ૪૦ લાખથી ૧ કરોડનું અનુદાન સરકાર દ્વારા આપવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં સ્માર્ટ વિલેજ યોજના અંતર્ગત પસંદગી માટે ૮ ગામોની પસંદગી જિલ્લા સમિતિએ કરી લીધી છે અને તેની દરખાસ્ત હવે રાજ્ય સરકારને મોકલી આપવામાં આવશે. જેમાંથી ચાર ગામની પસંદગી સ્માર્ટ વિલેજ યોજના અંતર્ગત થશે.

જિલ્લા પસંદગી સમિતિની તાજેતરમાં મળેલ બેઠકમાં ૮ ગામોની પસંદગી કરવામાં આવી છે. આ પસંદગી સમિતિના અધ્યક્ષ તરીકે જિલ્લા વિકાસ અધિકારી છે જ્યારે ત્રણ સભ્યો સામાજિક સંસ્થા અને ગ્રામ વિકાસ ક્ષેત્રે કામ કરનારા મહાનુભાવોની બનેલી છે. નાયબ જિલ્લા વિકાસ અધિકારી (પંચાયત) તેના સભ્ય સચિવ છે.

પસંદગી પામેલા ગામોને રૂ. ૪૦ લાખથી રૂ. ૧ કરોડની સહાય વસ્તી તેમજ અન્ય માપદંડોને આધારે સરકાર દ્વારા ચુકવવામાં આવનાર છે. આ પ્રોજેકટનું તાજેતરમાં જ મહાત્મા મંદિર ખાતે એક સમારોહમાં મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે લોન્ચીંગ કર્યું હતું.

જિલ્લાના જે ૮ ગામોની પસંદગી થઈ છે તેમાં ગાંધીનગર તાલુકામાંથી લિમ્બડિયા અને દંતાલી, માણસા તાલુકામાંથી મોતીપુરા(વે) અને અમરાપુર(અ), દહેગામ તાલુકામાંથી રખિયાલ અને હાથીજણ તથા કલોલ તાલુકામાંથી પ્રતાપપુરા(આ) અને જાસપુરનો સમાવેશ થાય છે.

આ ગામોની દરખાસ્ત હવે રાજ્ય સરકારને મોકલી આપવામાં આવશે જ્યાં સરકારની રચેલી સમિતિ દ્વારા ૪ ગામની પસંદગી થશે. દરેક તાલુકામાંથી એક ગામની જ પસંદગી કરવામાં આવશે.

જિલ્લામાં ૩૦૩ ગામો છે. રાજ્ય સરકારે પ્રથમવાર તેના અંદાજપત્રમાં "સ્માર્ટ વિલેજ"ની રચના કરવાનો નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારનો આ અતિ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટના અમલીકરણ માટે રાજ્યમાંથી સાત ટીમ આવશે અને સમગ્ર કામગીરીનું મૂલ્યાંકન કરશે. સ્માર્ટ વિલેજની પસંદગી પહેલા તાલુકા કક્ષાએ થઈ હતી અને હવે જિલ્લા કક્ષાએથી તેની પસંદગી કરી તે રાજ્ય સરકારને મોકલવામાં આવશે.

# સેક્ટર-૧૦ માં જી.પી.એસ.સી. ભવન તૈયાર : ૧૯ કરોડ ખર્ચાયા

## ઓગષ્ટમાં લોકાર્પણ થશે : લાલદરવાજાથી વહીવટી કચેરી ગાંધીનગર કાર્યરત થશે : એકસાથે ૭૭૭ વિદ્યાર્થીઓની ઓનલાઈન પરીક્ષા લઈ શકાય તેવી વ્યવસ્થા

ગાંધીનગર તા ૧૮

સે-૧૦માં જી પી એસ સી ભવન તૈયાર થઈ ગયુ છે. જી પી એસ સી ભવનના નિર્માણ અન્વયે વિવિધ ૬ બ્લોક તૈયાર કરાયા છે. જયારે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૯ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. અમદાવાદમાં લાલદરવાજા ખાતેથી હવે આ કચેરી અહીં કાર્યરત થશે. જી પી એસ સી ભવનનુ લોકાપર્ણ આગામી ઓગષ્ટ મહીનામાં કરવામાં આવશે.

સે-૧૦ માં પ્રદુષણ નિયંત્રણ બોર્ડની કચેરી પાસે જી પી એસ સી ભવનનુ નવુ મકાન બાંધવામાં આવ્યુ છે. આ ભવનના બાંધકામ અન્વયે વિવિધ ૬ બ્લોક તૈયાર કરવામાં આવ્યા છે. ૧૨,૪૦૦ સ્કવેર મીટરમાં ભવનનુ બાંધકામ કરાયુ છે. જયારે નવીન બિલ્ડીંગમાં એકસાથે ૭૭૭ વિદ્યાર્થીઓ ઓનલાઈન પરીક્ષા આપી શકે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

ભવનમાં પેપરસોટીંગ રૂમ, સ્ટ્રોંગ રૂમ, જી પી એસ સી ના સભ્યો માટેની નવી ચેમ્બર તેમજ ચેરમેન માટે પણ અલાયદી ચેમ્બર બનાવામાં આવી છે. આ ઉપરાંત ઉમેદવારો માટે ઈન્ટરવ્યુ રૂમ, પરીક્ષા ખંડ પણ તૈયાર કરવામાં આવ્યો છે. જયારે આઈ ટી વિભાગ પણ આ જ બિલ્ડીંગમાં કાર્યરત થશે. ઓનલાઈન પરિક્ષાનુ મોનિટરીંગ પણ અહીં થી જ થશે. હાલ જી પી એસ સી ની કચેરી લાલ દરવાજા છે. નવુ બિલ્ડીંગ તૈયાર થતા હવે સમગ્ર વહીવટી કાર્યભાર નવા ભવનમાં ધમધમતો થશે. જી પી એસ સી ભવનના નિર્માણ માટે રૂ ૨૫ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી હતી જયારે અત્યારસુધીમાં ભવનના નિર્માણ પાછળ રૂ ૧૯ કરોડનો ખર્ચ કરી દેવાયો છે. સમગ્ર બિલ્ડીંગને સી સી ટી વી કેમેરાની વોચ હેઠળ આવરી લેવામાં આવ્યો છે. જયારે આગામી દિવસોમાં ભવનમાં વિજળીની બચત માટે સોલાર પેનલ સિસ્ટમ પણ લગાવાશે. આગામી તા ૧૫ ઓગષ્ટના રોજ જી પી એસ સી ભવનનુ લોકાર્પણ કરવામાં આવે તેવી સંભાવના છે.

# કોલેરા પોઝીટીવના વધુ બે કેસ મળ્યા

## રાંધેજા અને અડાલજમાંથી મળી આવેલા કેસ : તંત્રમાં હડકંપ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર તાલુકામાંથી આજે વધુ બે કોલેરાના પોઝીટીવના કેસ મળી આવતાં આરોગ્ય તંત્રમાં હડકંપ મચી જવા પામેલ છે. આજે મળેલા બે કેસમાંથી એક દર્દીને સારવાર માટે અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે ચાલુ સિઝનમાં કોલેરા પોઝીટીવના દર્દીઓની સંખ્યા ૨૦ પર પહોંચી છે. તંત્રએ મળી આવેલા દર્દીઓના રહેઠાણ અને તેની આસપાસના વિસ્તારોમાં સઘન સર્વેલન્સની સૂચનાઓ જારી કરી દીધી છે.

મળતી વિગતો પ્રમાણે રાંધેજા ઈન્ટરનેશનલ સ્કૂલ કેમ્પસમાં રહેતા એક કર્મચારીને ૧૫મી તારીખે ઝાડા-ઉલ્ટી થયા હતા. તેણે સ્થાનિક લેવલે સારવાર લીધી હતી પરંતુ સારવાર દરમ્યાન કોઈ ફરક ન જણાતાં ગઈકાલે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ થયેલ જ્યાં આજે પરીક્ષણ દરમ્યાન કોલેરા પોઝીટીવ જણાયેલ છે.

રાંધેજા ગામ કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરાયેલ છે. તેમજ પુનઃ રાંધેજામાં પાણીના લિકેજીસની ફરિયાદો ઉઠવા પામી છે. તંત્રએ આ કેસને ગંભીરતાથી લીધેલ છે.

મળતી વિગતો પ્રમાણે દર્દી વિજાપુર તાલુકાના સોખડા ગામનો વતની છે અને સપ્તાહમાં ત્રણ-ચાર દિવસ કેમ્પસમાં રોકાતો હતો. જ્યારે બે દિવસ અપડાઉન કરતો હતો. તંત્રએ રાંધેજા અને તેના વતન ખાતે પણ સર્વેલન્સ કરવાની સૂચનાઓ આપી છે.

હાલ આ દર્દી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને જ્યાં તેની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

બીજો દર્દી જે ગાંધીનગર તાલુકાના અડાલજ ખાતે રહે છે અને સે. ૯માં એરફોર્સમાં કોન્ટ્રાક્ટર તરીકે કામ કરે છે. તેને પણ આજે સિવિલ

● અનુસંધાન પાન-૫ પર

# છ મહિનામાં ૩૦,૬૯૪ વાહન ચાલકોના ઘરે ઈ-મેમો પહોંચ્યા

## માત્ર ૧૮ સીસીટીવી કેમેરા મારફતે હેલ્મેટ-સીટ બેલ્ટ વગર ફરતા શહેરીજનો છ મહિનામાં ૨૭.૩૭ લાખનો દંડ : હવે ૨૩૦ કેમેરા કાર્યરત થશે

ગાંધીનગર, તા.૧૮

પાટનગરનાં મુખ્ય માર્ગોપરના વિવિધ છ મુખ્ય સર્કલો ઉપર



સીસીટીવી કેમેરા લગાડી ટ્રાફીકના નિયમોનું ઉલ્લંઘન કરતા વાહનચાલકોના ઘરે ઈ-મેમો ફટકારવાની કામગીરી છ મહીનાથી શરૂ થઈ છે. છ મહિનામાં ગાંધીનગર જિલ્લા પોલીસે સીસીટીવી કેમેરા મારફતે ૩૦,૬૯૪ વાહનચાલકોના ઘરે ઈ-મેમો મોકલી રૂ. ૨૭,૩૭,૬૫૦ની કિંમતનો દંડ ફટકાર્યો હોવાનું ધ્યાને આવ્યું છે. તે ઉપરાંત ટ્રાફીક પોલીસ તથા અન્ય પોલીસ મથકોની ટીમો દ્વારા હેલ્મેટ ડ્રાઈવના દંડ તો અલગ..!

ડીસેમ્બર ૨૦૧૫ થી ગાંધીનગર શહેરમાં ઈ-મેમો આપવાનું શરૂ કરવામાં આવ્યું હતું. ડીસેમ્બરમાં ૧૩૧૯ વાહનચાલકોને રૂ. ૧,૧૫,૨૦૦નો દંડ, જાન્યુઆરી ૨૦૧૬માં ૭૨૪૨ વહનચાલકોને રૂ. ૫,૨૪,૫૦૦નો દંડ, ફેબ્રુઆરીમાં ૬૮૩૧ વાહનચાલકોને રૂ. ૪,૩૬,૯૫૦નો દંડ અને માર્ચમાં ૭૪૧૯ વ્યક્તિને રૂ. ૬,૭૪,૩૦૦નો દંડ ઈ-મેમો મારફતે કરવામાં આવ્યો હતો. તે ઉપરાંત એપ્રિલમાં ૪૪૩૭ વાહનચાલકોને રૂ. ૭,૦૦,૨૦૦નો દંડ અને મે માસમાં ૩૪૪૬ વ્યકિતઓને રૂ. ૨,૮૬,૫૦૦નો દંડ સીસી ટીવી કેમેરાના માધ્યમથી કરવામાં આવ્યો છે. કુલ છ મહિનામાં ૩૦૬૯૪ને રૂ. ૨૭,૩૭,૬૫૦નો દંડ કરાયો છે. તે પૈકી ૧૨૯૭૫ વાહનચાલકો પાસેથી રૂ. ૧૦,૭૭,૩૫૦નો દંડ રીકવર કરવામાં આવ્યો છે. આ તો માત્ર ૧૮ કેમેરામાંથી ઈ મેમો ગયા છે. એક-બે મહિનામાં ૨૩૦ કેમેરા શરૂ થઈ જશે..!

# ગતિશીલ ગુજરાતમાં નબળી અને ધીમી કામગીરીને લઈ પ્રભારી સચિવ નારાજ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં ગતિશીલ ગુજરાત અંતર્ગત આરોગ્ય અને સહકાર વિભાગની નબળી કામગીરી તેમજ કેટલાક કિસ્સાઓમાં તંત્રની ધીમી ગતીને લઈ આજે પ્રભારી સચિવ શ્રી સંજીવકુમારે જિલ્લા અધિકારીઓ સમક્ષ નારાજગી વ્યક્ત કરી હતી.

જિલ્લામાં દિવ્યાંગ વ્યક્તીઓને પ્રમાણપત્ર આપવા માટેના ખાસ કેમ્પો ગાંધીનગર સિવિલ સાથે સુયોગ્ય સંકલનમાં રહી અને યોજી લક્ષ્યાંક પ્રાપ્તી માટેની કામગીરી કરવા તાકીદ કરી હતી.

હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં થયેલ કામગીરીને તેમણે બિરદાવી હતી પરંતુ હવે મળી આવેલા શંકાસ્પદ દર્દીઓની ચકાસણી ઝડપથી પૂર્ણ થાય તે જોવા પર પણ વિશેષ ભાર મુક્યો હતો.

સહકાર વિભાગમાં સંબંધિત અધિકારીઓ સાથે તાકીદે બેઠક યોજી અને કોમ્પ્યુટરાઈઝેશન સહિતની કામગીરીમાં ગતિ લાવવા માટે પણ પ્રભારી સચિવશ્રીએ સૂચવ્યું હતું.

તેમણે આજની સમીક્ષા બેઠકમાં સ્વચ્છતા મિશનની કામગીરી અંગે પણ કેટલીક સૂચનાઓ આપી હોવાનુ જાણવા મળેલ છે. આ ઉપરાંત ગ્રામ સંવાદ સેતુ કાર્યક્રમ દરમ્યાન મળેલા પ્રશ્નોનું સમયમર્યાદામાં નિરાકરણ થાય તે જોવા પણ જણાવ્યુ હતુ.

પ્રભારી સચિવશ્રીએ જિલ્લામાં ચાલતી યોજનાઓના અસરકારક અમલીકરણ માટે પણ ખાસ આગ્રહ સેવ્યો હતો. શાળા પ્રવેશોત્સવ તેમજ મીની ગુણોત્સવના તંત્રએ કરેલી કામગીરીને એમણે બિરદાવી હતી. આગામી દિવસોમાં વન મહોત્સવ તેમજ ગરીર કલ્યાણ મેળાના આયોજન માટે પણ તંત્રને તૈયાર રહેવા માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

# પ્રકૃતિ ઉદ્યાનમાં વૃક્ષોના છેદનથી પક્ષીઓ માટે રેડ સિગ્નલ બનશે



## શાહુડી અને શિયાળ સહીતના પશુઓને ખોરાક મળે માટે દાયકા અગાઉ વનસ્પિત પણ નહી કાપવા ફરમાન થયુ હતુ જયાં વનતંત્રએ બેરહેમ બની વૃક્ષોનો સોથ વાળ્યોઃ પ્રકૃતિ પ્રેમીઓમાં આક્રોશ : મોર સહીત વિવિધ ૧૦૦ પ્રકારની જાતિના પક્ષીઓનો વર્ષ દરમિયાન વિહરતા હોય છે તે ઉદ્યાનમાં જ વૃક્ષો કાપી લાકડાની હરાજી પણ કરી દેવાઇ

ગાંધીનગર તા ૧૮

અબોલ પશુ પક્ષીઓનો આશિયાનો છિનવી બેરહેમ બનેલા વન વિભાગ દ્વારા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં સુકા વૃક્ષો કાપીને લાકડાની હરાજી પણ કરી દેવામાં આવી છે. દાયકા પુર્વે ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનના વિસ્તારમાં ઉગતી ઝાડી પણ કાપવી નહી તેવુ ફરમાન ગીર ફાઉન્ડેશનના તત્કાલીન નિયામક દ્વારા કરવામાં આવ્યુ હતુ. જયારે આજે વન તંત્રના ઉચ્ચ અધિકારીઓની આંખોદેખી સામે જ સુકાળા વૃક્ષોમાં અબોલ પશુ પક્ષીઓની બખોલ પણ છિનવી લેવામાં આવી છે. જેના પરિણામે ૭૦૦ થી વધુ મોર સહીત વર્ષ દરમિયાન આવતા અસંખ્ય પક્ષીઓ પણ દિશા ભટકે તેવી દયાજનક સ્થિતિનુ નિર્માણ થયુ છે.

ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં એક દાયકા પહેલા આ વિસ્તારમાં ઉગતી જાડી પણ નહી કાપવા માટે તે સમયના તત્કાલીન નિયામક ડો એચ એસ સિંહાએ ફરમાન કર્યુ હતુ. જયારે ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનના પાર્ક વોર્ડન દ્વારા પણ સાબરમત્તી નદીમાં રહેતા વન્ય પ્રાણીઓને ખોરાક મળી રહે તેવા વૃક્ષોનુ વાવેતર કરવા માટે અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતુ. જેના લીધે સાહુડી અને શિયાળ ઉપરાંત જે તે સમયે અહીં ૧૦૦ પ્રકારના યાયાવર પક્ષીઓ પણ અહીં સતત જોવા મળતા હતા. પરંતુ હવે સુકા વૃક્ષાના છેદનના અંતે લાકડાની હરાજી કરવાની તંત્રની બેરહેમ હરકતથી પ્રકૃતિની ગોદમાં વિહરતા પશુ પક્ષીઓ માટે જાણે રેડ સિગ્નલ જબુકતુ થઈ ગયુ છે. પ્રકૃતિ ઉદ્યાનમાં વૃક્ષછેદનની પ્રવૃતિથી જમીનની અંદરના તેમજ ઉપરાના કીટકોની સંખ્યા ઘટી જાય તેવો મત પણ વૈજ્ઞાનિકો દ્વારા વ્યકત કરાયો છે. ઉદ્યાનમાં આવતા પક્ષીઓની સંખ્યામાં પણ ઘટાડો થશે તેવા આક્રોશ સાથે નગરના પ્રકૃતિ પ્રમીઓમાં પણ નારાજગી વ્યાપી છે. ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં દરવર્ષે ૭૦૦ જેટલા મોર તેમજ ૧૧૦૦ વાંદરા સહીત સંખ્યાબંધ પક્ષીઓનો આવરોજાવરો રહે છે. ત્યારે વન તંત્રની આ હરકત પ્રકૃતિની ગોદમાં વિહરતા પક્ષીઓ માટે ઘાતક પુરવાર થશે.


અમદાવાદની સ્ટોક માર્કેટ ઓફીસ માટે
જોઈએ છે
અનુભવી લેડીઝ-જેન્ટસ ટરમીનલ ઓપરેટરો
NSE, MCX માટે, આકર્ષક પગાર + Transport
૧૨ પાસ ફ્રેસ/અનુભવી, લેડીઝ/જેન્ટસ કોમ્પ્યુટર ઓપરેટરો
M.9137741905, 7801948147
LL: 079-48011683

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

Walk in Interview
આપના વિસ્તારમાં
ભારત સરકાર દ્વારા માન્ય, પ્રતિષ્ઠિત કંપની માટે :
● શું તમે એક ઉજ્જવળ કારકિર્દીની શોધમાં છો ?
● શું તમને નથી લાગતું કે વધતી મોંઘવારીની સામે તમારા પરિવારને દર મહિને એક Extra Incomeની જરૂર છે ?
જોઈએ છે
● પાર્ટ ટાઈમ / ફુલ ટાઈમ ● અનુભવી / બિનઅનુભવી ● Male/Female
● ઉંમર : ૨૫-૬૫ વર્ષ ● શૈક્ષણિક લાયકાત : H.S.C. & Graduate
● ગૃહિણીઓ માટે પણ ખાસ તક ● રીટાયર્ડ વ્યકિત માટે
● તાલીમ સાથે દર મહિને ફિક્સ સ્ટાઈપેન્ડ (Stipend) પણ આપવામાં આવશે.
મો. : ૯૯૦૯૨ ૮૮૫૮૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com